ડિઝીટલ ગુજરાત પોર્ટલ
<u>સમય મર્યાદા તાત્કાલિક</u>

નં.મક/આવિ/રાજ/૨૦૧૯-૨૦/
મદદનિશ કમિશ્નરશ્રીની આ. વિ.નીકચેરી,
જિલ્લા સેવા સદન-૩ બ્લોક નં.૧ ૧લો માળ,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
તા.૨૪/૦૬ /૨૦૧૯
ફોન નં – ૦૨૮૧-૨૪૭૮૩૭૫

પ્રતિ,
આચાર્યશ્રી,
.........................................
.........................................
તા-.......... જિ-..............

વિષયઃ- વર્ષ ૨૦૧૯-૨૦ ની વિધા સાધના યોજના અંતર્ગત અનુ.જનજાતિની વિધાર્થીનીઓને "સાયકલ ભેટ" ની દરખાસ્ત ઓનલાઇન કરવા બાબત.
સંદર્ભ :- નં.આવિ.શિક્ષણ/ફા.નં.૧૧૬૬/૧૯-૨૦/૫૬૭ થી૫૯૧ ના તા-૨૧/૦૬/૨૦૧૯નો પરિપત્ર

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯-૨૦ થી રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ /સહાય કે લાભ એક જ જગ્યાએથી આપી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી છેલ્લા બે નાણાંકીય વર્ષથી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જે રીતે આદિજાતિ વિકાસ વિભાર્ગની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો વર્ષ ૨૦૧૯-૨૦ માટેનો અમલ Digital Gujarat Portal મારફત ઓનલાઇન કરવાનો થાય છે. ત્યારબાદ "વિદ્યા સાધના યોજના" નો અમલ પણ Digital Gujarat Portal મારફત કરવાનું નક્કી કરવામાં આવેલ હોય હવે શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની દરખાસ્તો જે રીતે ઓનલાઇન મોકલવામાં આવે છે તેવીજ રીતે "વિદ્યા સાધના યોજના" ની દરખાસ્તો પણ આપની કક્ષાએથી ઓનલાઇન બનાવી મોકલવાની રહેશે. અનુસૂચિત જન જાતિની ધો-૯ની વિદ્યાર્થીનીઓની "વિદ્યા સાધના યોજના"ની ઓનલાઇન દરખાસ્તો "Cycle Scheme" મેનુમાં જઇ "Tribal Development Department" માં જઇ "Create Cycle Proposal" મેનુમાં જઇને બનાવવાની રહેશે.

૨૦૧૯-૨૦ નુ નવુ વર્ષ શરૂ થઇ ગયેલ છે જેથી શાળા ખુલતાની સાથે આ સાથેના "પત્રક-અ" માં દર્શાવેલ પાત્રતાઓ ચકાસી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ ધો-૯ માં અભ્યાસ કરતી અને "વિદ્યા સાધના યોજના" ને પાત્ર ઠરતી અનુસૂચિત જન જાતિની વિદ્યાર્થીનીઓની દરખાસ્ત ઓનલાઇન મોકલવા આથી સર્વે આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે. સદરહું યોજનામાં વિદ્યાર્થીનીઓની ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે

પટા Email
૨૪/૬/૨૦૧૯

યોજના
૨૪/૬/૧૯

Scanned by CamScanner

પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ "Cycle Scheme" મેનુમાં જઇ "Tribal Development Department" ઓપ્શન માં જઇ "Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિ અને આવકના દાખલા અપલોડ કરવાના રહેશે. જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ Cycle ની પ્રપોઝલ હાયર ઓથોરીટી સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

આ યોજનામાં આચાર્યશ્રી દ્વારા જે પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજુર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરવાની હોય છે. તેમજ આ વખતે કઇ વિદ્યાર્થીનીને કઇ સાયકલ આપવામાં આવેલ છે. તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પણ પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજુર થઇ જાય અને સાયકલોનું વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય. જેથી આપની શાળામાં ધો.૯ માં પ્રવેશ મેળવનાર વિધાર્થીનીઓને નિયમોનુસાર સાયકલ મળવા પાત્ર થતી હોય તેવી કન્યાઓની દરખાસ્ત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરી તેની પ્રિન્ટ તથા જરૂરી આધારો અત્રેની કચેરી એ મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી આ પત્ર મળ્યાની સાથે જ અત્રેની કચેરીને સાયકલ મેળવવા અંગેની દરખાસ્ત નિયત નમુના મુજબ <u>દિન-૧૦</u> મળી જાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. જો કોઇ પણ અનુ.જન.જાતિ ની વિદ્યાર્થીનીને આ યોજનાનો લાભ મળી શકશે નહિ તો સંપુર્ણ જવાબદારી આચાર્યશ્રી ની રહેશે.

ઉક્ત તમામ વિગતો ધ્યાને રાખી અનુસૂચિત જન જાતિની પાત્રતા ધરાવતી વિદ્યાર્થીનીઓની વર્ષ:૨૦૧૯-૨૦ની "વિદ્યા સાધના યોજના"ની દરખાસ્તો ઓનલાઇન કરવા તેમજ સાયકલોનું વિતરણ થઇ ગયા બાદ તેની આનુષાંગિક વિગતો પોર્ટલ પર અપડેટ કરવા અર્થે આચાર્યશ્રી ને વિનંતી છે.

<u>ખાસ સુચના</u> :- <u>અન્યરાજ્ય ના વિદ્યાર્થીઓ તથા આવક મર્યાદા ગ્રામ્ય ૧.૨૦ લાખ અને શહેરી ૧.૫૦ લાખ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકશે નહિ. જેની ખાસ નોંધ લેવી.</u>

Scanned by CamScanner

## -દરખાસ્ત કરવાની યોગ્ય રીત-

૧) શાળા ના લેટર પેડ પર વિદ્યાસાધના યોજના અંગેનુ ફોરવર્ડિંગ (આચાર્યશ્રી નો મોબાઇલ નંબર ફરજિયાત લખવાનો રહેશે)

૨) ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ પ્રપોઝલ ની નકલ આચાર્યશ્રી ના સહિ સિક્કા સાથે

૩) વિદ્યાર્થી ના પિતા નો સક્ષમ અધિકારી દ્વારા(મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારી) કાઢી આપવામાં આવેલ આવકના તાજેતર

ના દાખલા ની પ્રમાણિત નકલ

૪) વિદ્યાર્થી નો પોતાનો સક્ષમ અધિકારી દ્વારા(મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારી) કાઢી આપવામાં આવેલ જાતિ ના દાખલાની

પ્રમાણિત નકલ

૫) આધાર કાર્ડ ની નકલ

ઉપર ના તમામ આધારો વ્યવસ્થિત રીતે યોગ્ય ફાઇલીંગ કરીને અત્રેની કચેરી એ રજુ કરવાના રહેશે.

મદદનિશ કમિશ્નર વર્ગ-૧
આદિજાતિ વિકાસ રાજકોટ

બિડાણ-

૧) પત્રક - અ

૨) વર્ષ ૨૦૧૯-૨૦નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું"માસવાર આયોજન" અંગેનુ પત્રક

૩) અનુસૂચિત જનજાતિ ની વિદ્યાર્થીનીઓની સાયકલ ની દરખાસ્ત પોર્ટલ પર કેવી રીતે બનાવવી તે અંગેની ગાઇડલાઇન

---

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૨૧૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગરતા. ૨૪/૦૬/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ.
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

# <u>અનુસુચિત જનજાતિ(આદિજાતિની કન્યા માટે) સાયકલની પ્રપોઝલ કેવી રીતે બનાવવી</u>

સાયકલની પ્રપોઝલ ત્રણ ભાગમાં વહેચાયેલી છે.


૧. સૌ પ્રથમ ડેટા એન્ટ્રી કરવી

૨. સાયકલની પ્રપોઝલ બનાવવી.

૩. સાયકલ આપ્યા બાદ સાયકલનો ચેસીસ નંબર નાખવો.

સૌ પ્રથમ તમારી શાળાનાં આઈડી પાસવર્ડથી ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર લોગીન થાવ. ત્યારબાદ પ્રથમ વર્ષ ૨૦૧૯–૨૦ પસંદ કરો.

આપની શાળામાં ધોરણ ૯ માં અભ્યાસ કરતી કન્યાઓની ડેટા એન્ટ્રી કરવી <u>જે સાયકલ અને સ્કોલરશીપ માટે કોમન છે.</u>




સ્ટુડન્ટ રજિસ્ટર મેનુમાં જઈને સ્ટુડન્ટ એન્ટ્રીમાં જઈને ક્લિક કરીને સ્ટુડન્ટની ડેટા એન્ટ્રીનું ફોર્મ ખૂલશે


નોંધ ૧ <u>અહી કોઈપણ યોજના માટે કોમન ફોમ" હોવાથી સ્કોલરશીપ તથા સાયકલ માટે એક જ ફોર્મ ભરવાનુ રહેશે. વાર્ષિક આવક પ્રમાણે યોજનાની પ્રપોઝલ બનાવી શકાશે.</u>

**Habitation Type*** ◉ URBAN ○ RURAL
(શહેરી રહેણાક માટે અર્બન(Urban) પસંદ કરવું ગ્રામ્ય રહેણાક માટે રૂરલ(Rural) પસંદ કરવું.)

સાયકલમાં આવક મર્યાદા શહેરી (શહેરી વિસ્તાર માટે રૂા ૧,૫૦,૦૦૦/– ) અને ગ્રામ્ય વિસ્તાર(ગ્રામ્ય વિસ્તાર માટે રૂા૧,૨૦,૦૦૦/–) મુજબ અલગ અલગ હોવાથી હેબીટેશન ટાઈપમાં અર્બન /રૂરલ લાગુ પડતુ હોય તે મુજબ પસંદ કરવુ.

Scanned by CamScanner


તેવી જ રીતે વિધાર્થીનીએ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની ટકાવારી તથા જો વિધાર્થીની હોસ્ટેલમાં રહેતી હોયતો તે હોસ્ટેલ સરકારી કે પ્રાઈવેટ પસંદ કરવુ આવશ્યક છે.





નોધ ૨ : <u>ધોરણ ૯ની વિધાર્થીની (કન્યા) હોસ્ટેલ બિલ્ડીગ શાળાનાં કેમ્પસમાં આવેલ હોયતો સાયકલ મળવા પાત્ર થશે નહી.</u>

તમામ વિગતોની એન્ટ્રી થઈ ગયા બાદ અપડેટ બટન પર કિલક કરવાનું રહેશે.

સાયકલની પ્રપોઝલ બનાવવા માટે સાયકલ સ્કિમ નામનાં મેનુમાં જઈને જે જાતિની ધોરણ ૯ની કન્યાઓની સાયકલની પ્રપોઝલ બનાવવાની હોય તે ડીપાર્ટમેન્ટ પર કિલક કરવાનુ રહેશે.




ધારોકે અહી અનુસુચિતજનજાતિની(આદિજાતિ) કન્યાઓની પ્રપોઝલ બનાવવાંની છે તો ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ પર કિલક કરી ક્રિએટ સાયકલ પ્રપોઝલ પર કિલક કરવાનુ રહેશે.




અહી યોજના પસંદ કરીને શો બટન પર કિલક કરતા સાયકલ યોજનાને પાત્રતા ધરાવતી અનસુચિત જન જાતિની ધોરણ ૯માં અભ્યાસ કરતી કન્યાઓનો ડેટા ગ્રીડમાં દેખાશે.

Scanned by CamScanner

| | Account Verification Status(Verified Date) | Error Message | Verified Adhaar | Student Name | Caste | SubCaste | Bank AccountNo | Bank Name | Bank IFSCCode | Bank BranchName | UID NO | Student SSA ID |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Valid and verify Account | | Yes(03/08/2018 12:14:00) | sangitaben lukeshbhai solanki | ST(અનુસુચિત જન જાતિ) | Dungri Garasia | [redacted] | DENA GUJARAT GRAMIN BANK | B[redacted] | DGGB HIMATNAGAR | 74xxxxxx1088 | |

Add To Proposal From Grid

Activate Windows
Go to PC settings to activate Windows

અહી સિલેકશન કરવાન રહેશે. ત્યારબાદ અહી કલીક કરવાનું રહેશે.

તેમને સિલેકટ કરી એડ ટુ પ્રપોઝલ ફોર્મ ગ્રીડ પર કલિક કરવાનુ રહેશે.

www.digitalgujarat.gov.in says

Proposal Created Successfully

OK

અહી ઓકે બટન પર કિલક કરવું

અહી પ્રપોઝલ આઈડી આવશે. અહી સાયકલની યોજનાનું નામ આવશે.

**RequestId** 19201500000169 **SchemeName** Free Cycle scheme for Scheduled Tribe girls students studying in std 9(Vidya Sadhna Yojana)

| Delete | Account Verification Status(Verified Date) | Error Message | Consent of Principal | StudentName | Caste | SubCaste | Bank AccountNo | Bank Name | Bank IFSCCode | Bank BranchName | UIDNo |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Delete | Valid and verify Account | | Not Required | sangitaben lukeshbhai solanki | ST(અનુસુચિત જન જાતિ) | Dungri Garasia | [redacted] | DENA GUJARAT GRAMIN BANK | [redacted] | DGGB HIMATNAGAR | 74xxxxxx1( |

Scanned by CamScanner

## સૌથી અગત્યની પૉઈન્ટ ડોકયુમેન્ટસ અપલોડ કરવા

## નોંધ ૩: પ્રપોઝલ બન્યા પછી ડોકયુમેન્ટસ અપલોડ થશે.

૧. વિધાર્થીની (કન્યા)નો ગત નાંણાંકીય વર્ષનો આવકનો દાખલો (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા) આપવામાં આવેલ) (ટીડીઓશ્રી/મામલતદારશ્રી/નોકરીદાતાનો)

૨. વિધાર્થીની (કન્યા)નો જાતિનો દાખલો (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા) આપવામાં આવેલ)

(ટીડીઓશ્રી/મામલતદારશ્રી/મદદનીશ કમિશ્નરશ્રી/આદિજાતિ વિકાસ અધિકારીશ્રી)

પ્રપોઝલ બન્યા બાદ ફરીથી સાયકલ સ્કિમમાં જઈને પ્રપોઝલ સાયકલ ડીટેઈલ પર કલિક કરતા સાયકલની પ્રપોઝલ તથા તેમાં રહેલ વિધાર્થીનીઓની ડીટેઈલ્સ દેખાશે.

Cycle Scheme | DashBoard | Utility | Help | Schoo

Director Developing Caste Welfare ▸
Director Scheduled Caste Welfare ▸
Tribal Development Department ▸

Designation: Principal (94

Create Cycle Proposal
Proposal Cycle Detail



| RequestID | Application Date | Scheme Name | School Name | No Of Students | Status | Rejected Student | Remarks | Edit | Document | View |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19201500000169 | 18/06/2019 | Free Cycle scheme for Scheduled Tribe girls students studying in std | TRIVENI VIDHYALIYA and PRI SCH | 1 | Application is Inwarded | Reason For Not In Proposal | | Edit | Documen | Vie |

ડોકયુમેન્ટસ અપલોડ કરવા અહી કલિક કરો

ત્યારબાદ નીચે મુજબની ગ્રીડ દેખાશે તેમાં દરેક વિધાર્થીની દીઠ ડોકયુમેન્ટસ અપલોડ કરો.

| Document | Caste Certificate No. | | | | Document | Income Certificate No. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જાતી અંગેનુ પ્રમાણપત્ર | | Browse | Upload | Download | Income Certificate | | Browse | Upload | Download |

Scanned by CamScanner

| | |
|---|---|
|   |   |
| અહી જાતિ પ્રમાણપત્રનો નંબર લખવાનો રહેશે.સ્કેન કરેલ જાતિનો દાખલો અપલોડ કરવાનો રહેશે.(**JPEG FORMAT**) | અહી આવકના પ્રમાણપત્ર નો નંબર લખવાનો રહેશે.સ્કેન કરેલ આવકનો દાખલો અપલોડ કરવાનો રહેશે. (**JPEG FORMAT**) |

છેલ્લે સાયકલ આપતી વખતે વિધાર્થીની ને જે સાયકલ આપો છો તે સાયકલનો ચેસીસ નંબર અવશ્ય લખી રાખવો જે પોર્ટલ પર અવશ્ય લખવાનો રહેશે.

વિધાર્થીનીને સાયકલ અપાઈ ગયા બાદ આચાર્યશ્રી પાસે રહેલ સાયકલનો ચેસીસ નંબર દરેક કન્યાની પ્રપોઝલમાં સાયકલ સ્કિમ મેનુમાં જઈને ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

| શુ ધ્યાન રાખશો |
|---|
| ૧. વિધાર્થીની (કન્યા)નો ગત નાંણાંકીય વર્ષનો આવકનો દાખલો (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ) (ટીડીઓશ્રી/મામલતદારશ્રી/નોકરીદાતાનો) |
| ૨. વિધાર્થીની (કન્યા)નો જાતિનો દાખલો (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ) (ટીડીઓશ્રી/મામલતદારશ્રી/મદદનીશ કમિશ્નરશ્રી/આદિજાતિ વિકાસ અધિકારીશ્રી) |
| ૩. છેલ્લે સાયકલ આપતી વખતે વિધાર્થીની ને જે સાયકલ આપો છો ત્યારે સાયકલ આપતી વખતે તે સાયકલનો ચેસીસ નંબર અવશ્ય લખી રાખવો |
| ૪. સાયકલનો ચેસીસ નંબર દરેક કન્યાની પ્રપોઝલમાં સાયકલ સ્કિમ મેનુમાં જઈને ડેટા એન્ટ્રી કરવાની આચાર્યશ્રીએ રહેશે. |
| ૫. હોસ્ટેલર હોયતો હોસ્ટેલનું બિલ્ડીગ શાળા કેમ્પસમાં નથી આવેલ તે ખાસ ચકાસવુ. |

વધુ માહિતી માટે સંપર્ક કરો રાકેશ ઠાકર ૯૬૨૪૩૮૮૩૫૩

Scanned by CamScanner

| Digital Gujarat Portal મારફત Online કરવાની થતી "વિદ્યા સાધના યોજના"ની વિગત (પત્રક-અ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય | | | | | | | |
| કમિશ્નર, આદિજાતિ વિકાસના કચેરી, ગુ.રા.ગાંધીનગર | | | | | | | |
| ક્રમ | યોજનાનુ નામ | જાત | ધોરણ | કુમાર / કન્યા | સહાયની વિગત | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
| ૧ | Free Cycle Scheme for ScheduledTribe Girls Students studying in Std:9 (vidhya Sadhana Yojana) (VKY-1) | ST (તમામ અનુસૂચિત જનજાતિ) | ધો:૯ | માત્ર કન્યા | સાયકલ ભેટ આપવી | શહેરીવિસ્તાર: રૂ. ૧.૫૦લાખ<br>ગ્રામ્યવિસ્તાર: રૂ. ૧.૨૦લાખ | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

કમિશ્નર, આદિજાતિ વિકાસના કચેરી, ગાંધીનગર

**માધ્યમિક શાળાઓ પાસેથી વર્ષ:૨૦૧૯-૨૦ની "વિદ્યા સાધના યોજના" ની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તમજ જિલ્લા કચેરીએ કરવાના થતા કામગીરીનુ "માસવાર આયોજન" પત્રક**

| અ. | માસ | શાળાઓના કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન - ૨૦૧૯ | શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાના પ્રપોઝલ જે રીતે બનાવવામાં આવે છે તે જ રીતે "વિદ્યા સાધના યોજના"ની પ્રપોઝલ તા:30/06/૨૦૧૯ સુધીમા ચક કરી જો સુધારા વધારા કરવાના જરૂર જણાય તો તે કરી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | ૧) વર્ષ ૨૦૧૯-૨૦ની વિદ્યા સાધના યોજનાની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજુરીના કામગીરી કરવી. જેમ જેમ દરખાસ્તો મંજુર થતી જાય તેમ તેમ શાળાને સાયકલો પુરી પાડી સાયકલ વિતરણની કામગીરી કરાવવી. (જો ગરીબ કલ્યાણમેળોનુ આયોજન હોય તો વિદ્યાર્થિનીઓને તે મુજબ સાયકલો પુરા પાડવા.) | પ્રપોઝલ બનાવવામા જો ટેકનિકલ પ્રશ્ન ઉભા થાય તો તેનુ નિરાકરણ |
| ૨ | જુલાઇ - ૨૦૧૯ | બાકી રહી ગયેલ વિદ્યાર્થીનીઓના "વિદ્યા સાધના યોજના"ની પ્રપોઝલ બનાવવાની કામગીરી તા:૩૧/૦૭/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવી.<br><br>સાયકલ વિતરણ થઇ ગયા બાદ જ વિદ્યાર્થીનીઓને સાયકલ પુરી પાડવામાં આવેલ હોય તેની વિગતો "Update Cycle Detail" મેનુમાં જઇને અપડેટ કરવા જેથી જિલ્લામા કેટલા સાયકલો વિતરણ કરવામા આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય. | જેમ જેમ વિદ્યા સાધના યોજનાના દરખાસ્તો મંજુર થતા જાય તેમ તેમ શાળાને સાયકલો પુરી પાડી સાયકલ વિતરણની કામગીરી કરાવવી.<br><br>જે શાળાઓએ સાયકલ વિતરણના વિગતો પોર્ટલમા અપડેટ કરેલ ન હોય તે શાળાઓને તાકીદે વિગતો અપડેટ કરવા સૂચના આપવી. | પ્રપોઝલ બનાવવામા જો ટેકનિકલ પ્રશ્ન ઉભા થાય તો તેનુ નિરાકરણ |

Scanned by CamScanner